નવા વર્ષના પ્રારંભે શેર બજારમાં તેજી

મુંબઈ, તા.૧

વર્ષ ૨૦૧૩ના પ્રથમ દિવસે શેરબજાર તેજી સાથે પ્રારંભ થયો છે. અમેરિકી સંસદે નાણાકીય ખાદ્ય ઘટાડવાના વિકલ્પો પર સમજૂતી સાધી લેતા વૈશ્વિક બજારોમાં આશાનું નવું પરિબળ ઉમેરાયું હતું. મુંબઈ શેરબજારનો બીએસઈ સેન્સેટીવ ઈન્ડેક્ષ ૧૫૪ પોઈન્ટ વધી ૧૯૫૮૧ની સપાટીએ મજબૂત રહ્યો હતો. એશિયન બજારોના હકારાત્મક સંકેતના પગલે સેન્સેક્સ ૧૯૫૧૩ની ઊંચી સપાટીએ ખૂલ્યો હતો. ત્યારબાદ ઈન્ફ્રાડે ૧૯૬૨૪ની સપાટીએ પણ પહોંચી ગયો હતો. આજરોજ તમામ ક્ષેત્રીય ઈન્ડેક્ષો વધારા સાથે બંધ રહ્યા હતા. મેટલ, બેંકીંગ અને કેપીટલગુડ્ઝમાં ૧ થી ૨ ટકા વધારો થયો હતો. જ્યારે સૌથી વધુ ૨.૭ ટકાનો ઉછાળા સાથે રીયાલ્ટી ઈન્ડેક્ષ ૨૧૬૯ પર બંધ રહ્યો હતો. બીએસઈ-૩૦ સ્ક્રિપોમાં સૌથી વધુ ૩ ટકાનો વધારો જેએસપીએલમાં થયો હતો. હિંદાલ્કો, સ્ટરલાઈટ, તાતાસ્ટીલ અને કોલઈન્ડીયામાં પણ ૧ થી ૨.૫ ટકાનો વધારો નોંધાયો હતો. ભેલમાં ૨ ટકાનો ઉછાળો

નોંધાયો હતો. આ ઉપરાંત સ્ટેટબેંક ઓફ ઈન્ડીયા, આઈસીઆઈસીઆઈ બેંક, એચયુએલ, ભારતી એરટેલમાં પણ સામાન્ય વધારો થયો હતો. જો કે સૌથી વધુ ૦.૭ ટકાનો ઘટાડો એનટીપીસીમાં થયો હતો. ટાયર કંપનીના શેરની કિંમતમાં પણ તેજી છવાઈ હતી. એમઆરએફમાં ૩.૫, જેકે ટાયરમાં ૨.૫ અને સીએટમાં ૧.૮ ટકાનો ઉછાળો થયો હતો. એચડીએફસી બેંકમાં ૧ ટકાનો વધારો અંતિમ ક્ષણોમાં થઈ ગયો હતો. માર્કેટ બ્રેડન હકારાત્મક રહી હતી. ૩૦૪૧ કંપનીના શેરની લેવેચ દરમ્યાન ૧૯૩૦ વધ્યા હતા. જ્યારે ૯૭૭ ઘટ્યા હતા. બીજીબાજુ નવા વર્ષના પગલે મોટાભાગના એશિયન બજારો બંધ રહ્યા હતા. એચએસબીસી તરફથી ચીની મેન્યુફેક્ચરીંગ આંકડા જારી કરવામાં આવ્યા બાદ મેટલના શેરમાં સુધારો થયો હતો. ગઈકાલે આ આંકડા જારી કરવામાં આવ્યા હતા. કોપર અને એલ્યુમિનિયમના સૌથી મોટા વપરાશકાર તરીકે ચીન ઉભરી આવ્યું છે. જેએસપીએલના શેરમાં સૌથી મોટો ત્રણ ટકાથી વધુનો સુધારો જોવા મળ્યો હતો. હિન્ડાલ્કો, સ્ટરલાઈટ, તાતા સ્ટીલ, કોલ ઈન્ડિયમાં ઉલ્લેખનીય સુધારો રહ્યો હતો. આ તમામમાં ૧.૫થી પાંચ ટકા સુધીનો સુધારો રહ્યો હતો. ભેલમાં બે ટકાનો સુધારો રહ્યો હતો. એ સ બી આઈ, આઈસીઆઈસીઆઈ બેંક અને એચયુએલ જેવી બેંકિંગ કંપનીઓના શેરમાં પણ સુધારો થયો હતો.

સમાચાર ઝલક

- ગુટખા-તમાકું મુક્ત અભિયાનમાં જસરા (ડીસા, તાલુકો) ગ્રામ પંચાયતને પુરસ્કાર.
- પેટ્રોલ-ડિઝલના ભાવ સાથે સેસની રકમ પણ વધારવાની તૈયારી.
- દિલ્હીમાં મહિલાઓ માટેની હેલ્પલાઇન શરૂ થતાં જ ઠપ્પ.
- રાજયમાં પરમીટવાળા દારૂના વેચાણથી વેટની આવક રૂા. ૭ કરોડ થઇ.
- એસ.ટી.તંત્રએ ચૂપચાપ વર્ધીની બસોમાં ૧૮% વધારો ઝીંકી દીધો, કિલોમીટર દીઠ રૂા.૪ થી ૬નો વધારો.
- બળાત્કાર વિરોધી આકરો કાયદાનાં 'વટહૂકમ'ને ફેબ્રુઆરીમાં લાગુ કરાશે.
- કુંભમેળાનો શંકરાચાર્ય સ્વરૂપાનંદ સરસ્વતીએ બહિષ્કાર કરતાં વિવાદ.
- દિલ્હીના સામૂહિક બળાત્કારનો ભોગ બનેલી પીડિતાના મૃત્યુથી દેશભરમાં નવા વર્ષની ઉજવણીનો માહોલ ફિક્કો.
- અમેરિકામાં નફરતની આગ : ખ્રિસ્તી મહિલાએ 'મુસ્લિમ' સમજીને ભારતીયની હત્યા કરી.
- પાકિસ્તાનમાં તાલિબાને એક સાથે લશ્કરના ૨૧ જવાનોને ફૂંકી મારતાં ચકચાર.
- વિવિધતાના રંગમાં કચ્છ રણોત્સવનો જામતો માહોલ.
- લોસ એન્જેલ્સમાં વિશ્વનું પહેલું ભૂકંપ રહિત સ્વામીનારાયણ મંદિર.
- દીવમાં નવા વર્ષની ઉજવણી કરવા પર્યટકોની ભીડ, બીચ ઉપર ધીંગામસ્તીની મોજ.
- ૨૦૧૩ના સૌ પ્રથમ સૂર્યકિરણને ઓકલેન્ડે (ન્યૂઝીલેન્ડ) આવકાર આપ્યો.

સોનામાં ૧૫૦, ચાંદીમાં રૂપિયા ૨૦૦નો ઉછાળો

નવી દિલ્હી, તા.૧

અમેરીકામાં ફિસ્કિલ ક્લીફ હાલ પુરતું ટળી જતાં વિશ્વ બજારમાં સોના-ચાંદીમાં ઉંચુ મથાળુ જોવા મળ્યું હતું. જેનાં પગલે અમદાવાદ માર્કેટમાં પણ સોના-ચાંદીએ તેજી સાથે વર્ષ ૨૦૧૩નું સ્વાગત કર્યું હતું. નવા વર્ષના પ્રથમ દિવસે ખાસ કરીને સોનામાં ધુમ ખરીદી જોવા મળી હતી જ્યારે ચાંદી-રૂપામાં પણ ટેકારૂપ ખરીદીનો માહોલ જોવા મળ્યો હતો. સૌપ્રથમ સોનાની વાત કરીએ તો અમદાવાદ માર્કેટમાં મંગળવારે સોનામાં સકારાત્મક કારોબાર જોવા મળ્યો હતો. જેની મદદથી દિવસના અંતે ૧૦ ગ્રામ સોનાના ભાવમાં રૂપિયા ૧૫૦નો નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો હતો. પરિણામે મંગળવારે સોનાના ભાવ રૂપિયા ૩૧૦૦૦ની સપાટી વટાવી રૂપિયા ૩૧૦૫૦થી ૩૧૧૫૦ની સપાટી ઉપર બંદ રહ્યા હતા. જે વર્ષ ૨૦૧૨ના અંતિમ દિવસે રૂપિયા ૩૦૯૦૦ થી ૩૧૦૦૦ની સપાટી ઉપર સ્થિર હતા. જ્યારે સોનાના પગલે ચાંદીમાં પણ મંગળવારે અમદાવાદ માર્કેટમાં ટેકારૂપ કારોબાર જોવા મળ્યો હતો. જેની મદદથી પ્રતિકિલોગ્રામ ચાંદીના ભાવ રૂપિયા ૨૦૦ના વધારા સાથે રૂપિયા ૫૬૮૦૦થી ૫૭૩૦૦ની સપાટી ઉપર સ્થિર હતા. જ્યારે મંગળવારે અમદાવાદ માર્કેટમાં ત્રીજી ધાતુ

રૂપામાં પણ લેવાલીનો માહોલ જોવા મળ્યો હતો. જેના કારણે દિવસના અંતે પ્રતિકિલોગ્રામ રૂપાના ભાવ રૂપિયા ૨૦૦ના વધારા સાથે રૂપિયા ૫૬૬૦૦થી ૫૭૧૦૦ની સપાટી ઉપર બંદ રહ્યા હતા. જે સોમવારે રૂપિયા ૫૬૪૦૦થી ૫૬૯૦૦ની સપાટી ઉપર બંદ રહ્યા હતા.

રેપનો શિકાર યુવતીની અસ્થિઓનું વિસર્જન

નવી દિલ્હી, તા.૧

દિલ્હી ગેંગ રેપનો શિકાર થયેલી યુવતીના અંતિમસંસ્કાર કરાયા બાદ આજે અસ્થિ વિસર્જનની વિધિ કરવામાં આવી હતી. ભરોલી ઘાટ ખાતે ગંગા નદીમાં અસ્થિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતુ. મહિલા અને બાળકો સહિત ઘણા લોકોએ એ વખતે ઉપસ્થિત રહ્યા હતા. ૧૩ દિવસ સુધી મોત સામે લડ્યા બાદ તેનું સિંગાપોરમાં મોત થઈ ગયુ હતુ. યુવતીની અસ્થિઓને તેના પ્રાચીન ગામમાં પરિવારના સભ્યો દ્વારા લાવવામાં આવી હતી. મંગળવારે એટલે કે આજે પરિવારના સભ્યોએ સવારે આઠ વાગ્યે ભરોલી ઘાટ ખાતે અસ્થિ વિસર્જન કર્યુ હતુ. છેલ્લી અંજલી આપવા માટે મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. સ્થાનિક ધારાસભ્ય ઉપેન્દ્ર તિવારી પણ પિતા અને ભાઈની સાથે પહોંચ્યા હતા. અસ્થિઓનું વિસર્જન કરવામાં આવ્યા બાદ પિતા અને ભાઈ બંને રડી પડ્યા હતા. અત્રે નોંધનીય છે કે ૨૩ વર્ષિય પેરા મેડિકલની વિદ્યાર્થિની સામૂહિક ગેંગ રેપનો શિકાર થઈ હતી. તેને સારવાર માટે સૌથી પહેલા સફદરજંગ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી ત્યારબાદ તબિયત બગડતા વધુ સારવાર માટે સિંગાપોર ખસેડવામાં આવી હતી જ્યાં તેનું મોત થયુ હતુ. ભારત લાવવામાં આવ્યા બાદ તેના અંતિમસંસ્કાર કરાયા હતા.

ફસાઈ ગયેલા કુલ ૩૭૦ યાત્રીને સુરક્ષિત ખસેડાયા

જમ્મુ, તા.૧

ઈન્ડિયન એરફોર્સ લડાખ પ્રદેશના લેહ પટ્ટા અને જમ્મુ શહેર વચ્ચે અટવાઈ પડેલા ૩૭૦ યાત્રીઓને વિમાન મારફતે ખસેડી લીધા છે. સંરક્ષણ મંત્રાલયમાં પીઆરઓ એસએન આચાર્યએ માહિતી આપતા કહ્યુ છે કે આઈએએફ જમ્મુ અને લેહ વચ્ચે અટવાઈ પડેલા તમામ યાત્રીઓને વિમાન મારફતે ખસેડવાની પ્રક્રિયામાં પહેલાથી જ લાગી ગયુ હતુ. સાવચેતીના પગલારૂપે આઈએએફના વિમાનોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યુ હતુ કે આઈએલ-૭૬ વિમાન મારફતે તમામ લોકોને લાવવામાં આવનાર છે.

લડાખ પ્રદેશના કારગીલ જિલ્લા સાથે સંકળાયેલા ૧૨૦ લોકોને જમ્મુથી લેહમાં લાવવામાં આવ્યા છે જ્યારે ૨૫૦ લોકોને લેહથી જમ્મુ લાવવામાં આવ્યા છે.

દુનિયાભરમાં નવા વર્ષનો જશ્ન

નવી દિલ્હી, તા.૧

ઉજવળ ભવિષ્યની નવી આશા સાથે વર્ષ ૨૦૧૩ના આગમનનું સમગ્ર વિશ્વમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું છે. ભારત સહિત સમગ્ર વિશ્વના લોકો ૨૦૧૩ના આગમન પર જશ્નમાં ડુબી ગયા હતા. ૧૫ લાખથી વધુ લોકોએ સિડનીમાં જાહેરમાં ઉજવણી કરી હતી. સાત ટન ફટાકડાની આતશબાજી હાર્બર બ્રીજ અને તેની આસપાસની બોટ્સ ઉપર કરવામાં આવી હતી. ૬૬ લાખ ડૉલરનો ધુમાડો આ કાર્યક્રમો ઉપર કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. રાત્રે ૧૨ના ટકોરે જ ભવ્ય આતશબાજી થઈ હતી. દિલ્હી ગેંગરેપના કારણે ભારતમાં ઘણા વિસ્તારોમાં ઉજવણી કરવામાં આવી ન હતી. જ્યારે કેટલાક વિસ્તારમાં સાદગીપૂર્ણ રીતે ઉજવણી થઈ હતી. ઓસ્ટ્રેલિયાના સિડનીમાં આતશબાજીનો અદ્‌ભુત નજારો જોવા મળ્યો હતો. ન્યૂઝીલેન્ડના ઓકલેન્ડ શહેરમાં પણ જોરશોરથી નવા વર્ષને વધાવી લેવામાં આવ્યું હતું. દુબઈ, હોંગકોંગ, સિંગાપુર, ચીન અને જાપાન જેવા દેશોમાં નવા વર્ષની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ભારતમાં

બોલિવૂડના કલાકારોએ આ વર્ષે ઉજવણીમાં ભાગ લીધો ન હતો. નવા વર્ષનો આ જશ્ન હવે ત્રણ ચાર દિવસ સુધી જારી રહે તેમ માનવામાં આવે છે નવા વર્ષના સ્વાગતમાં ઓસ્ટ્રેલિયાના સિડનીમાં ૧૫ મિનિટ સુધી સેકડો મિલિયન ડોલરના ખર્ચે શાનદાર આતશબાજીનું આયોજન કરવામાં આવ્યું હતું. સિડનીમાં હાર્બર પુલ પર લાખો લોકો જમા થયા હતા. હાર્બર પુલ પર લાખો લોકોએ ટાઇમ ટુ ડ્રીમ પર બનેલા આતશબાજીની મજા માણી હતી. બીજી બાજુ જાપાનના પાટનગર ટોક્યોમાં હજારો લોકોએ નવા વર્ષની શુભેચ્છા સાથે ફુગ્ગાઓ છોડ્યા હતા. જે ફુગ્ગાઓ છોડવામાં આવ્યા હતા તેમાં નવા વર્ષની શુભેચ્છા લખવામાં આવી હતી. હોંગકોંગમાં મોટી સંખ્યામાં લોકો ઉજવણીમાં ડુબી ગયા હતા. ગગનચુંબી ઈમારત પર રોશની કરવામાં આવી હતી. તાઈવાનમાં વિશ્વની બીજા નંબરની ઈમારત તાઈપેઈનો નજારો જોવા જેવો હતો. દુનિયામાં સૌથી પહેલા નવા વર્ષનો સ્વાગત સામોઆ અને તોકલાઉમાં કરવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય તારીખ રેખાની દ્રષ્ટિએ સૌથી પહેલા અહીં નવા વર્ષની શરૂઆત થાય છે. બરોબરા રાતના ૧૨ના ટકોરે અગલા દિવસની શરૂઆત થઈ ગઈ હતી. વિશ્વભરના નેતાઓએ તેમના શાંતિ સંદેશાઓ આપવાની શરૂઆત કરી દીધી હતી.

ન્યુઝીલેન્ડના ઓકલેન્ડ શહેરમાં નવા વર્ષની શરૂઆત થઈ હતી. બીજી બાજુ વિશ્વના દેશોએ પણ નવા વર્ષનું ભવ્ય કાર્યક્રમ અને શાનદાર આતશબાજી સાથે સ્વાગત કર્યું હતું. ઓકલેન્ડ શહેર બાદ ઓસ્ટ્રેલિયાના પાટનગર સિડનીમાં ઉજવણી કરાઈ હતી. સમગ્ર વિશ્વના લોકો ૨૦૧૨ને ગુડબાય કરવા અને ૨૦૧૩ને આવકારવા પહેલાથી જ તૈયાર થઈ ગયા હતા. ઓકલેન્ડમાં સમગ્ર આકાશ આતશબાજીથી છવાઈ ગયું હતું. ભવ્ય રંગારંગ કાર્યક્રમો અને આતશબાજી સમગ્ર વિશ્વમાં થઈ હતી. વર્ષ ૨૦૧૨ હતા. વર્ષ ૨૦૧૨મા વિશ્વના દેશોમાં જુદા જુદા કારણોસર મંદી રહી હતી. છતાં વૈશ્વિક અર્થવ્યવસ્થા હવે એવી બની ગઈ છે. જેમાં દરેક વ્યક્તિ નોકરી કરતી થઈ છે. જેથી ઉજવણી માટે ખર્ચ કરવાથી પીછેહટ કરતી નથી. વિશ્વભરમાં ૨૦૧૩ને આવકારવા માટે તૈયારી થઈ ચુકી હતી. પાર્ટીઓના દોર શરૂ થઈ ચુક્યા છે. યુરોપના દેશોમાં વધારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ન્યૂયોર્ક શહેરમાં લાખો લોકો ટાઈમ્સ સ્કવેર ખાતે પરંપરાગત મીડ નાઈટ બોલ ડ્રોપને જોવા માટે ઉપસ્થિત રહ્યા હતા. ઓસ્ટ્રેલિયાથી શરૂ થયેલી ઉજવણી એશિયન દેશોમાં થઈને અમેરિકા ખાતે પૂર્ણ થઈ હતી. જાપાનમાં મધ્ય રાત્રિ પરંપરાગત પ્રાર્થના સભા યોજવામાં આવી હતી. પશ્ચિમી રાષ્ટ્રોમાં વિયેતનામથી નવા વર્ષની ઉજવણી વેપાર ઉદ્યોગની દ્રષ્ટિએ મંદીમાં રહ્યું હોવા છતાં ઉજવણી માટે લોકો આને ભૂલી ગયા હતા અને ખુશીથી નવા વર્ષના સ્વાગત માટે બહાર નિકળ્યા થઈ રહી છે. તાઈપેઈ અને તાઈવાનમાં પણ ફટાકડાઓ ફોડીને નવા વર્ષના આગમનને વધાવી લીધો હતો.

૨૦૧૩ના પ્રથમ દિવસે જ ડોલર સામે રૂપિયો મજબૂત

નવી દિલ્હી, તા.૧

વર્ષ ૨૦૧૩ની શરૂઆત આજે આશાસ્પદ રીતે થઈ હતી. રૂપિયામાં તેજી સાથે શરૂઆત થઈ હતી. નાણાંકીય કટોકટીને ઉકેલવા એક સોદાબાજી પર અમેરિકામાં નિષ્ણાંતો સહમત થયા બાદ નવી આશા જાગી છે. વર્ષ ૨૦૧૩ના પ્રથમ દિવસે ડોલર સામે રૂપિયામાં તેજી રહી હતી. આવનાર દિવસોમાં રૂપિયો વધુ મજબુત બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

આજે કારોબાર દરમિયાન રૂપિયામાં સ્થિર સ્થિતિ રહી હતી. કારોબારીઓ માને છે કે વર્ષ ૨૦૧૩માં રૂપિયો વધુ મજબુત બની શકે છે કારણ કે આરબીઆઈ વ્યાજદરમાં ઘટાડો કરી શકે છે. તાજેતરમાં જ સુધારા પ્રક્રિયાની પણ જાહેરાત કરવામાં આવી છે. નાણાંકીય નીતિના અનુસંધાનમાં રિઝર્વ બેંક વ્યાજદરમાં ઘટાડો કરી શકે છે. ક્વાન્ટઆર્ટ માર્કેટ સોલ્યુશનના મેનેજિંગ ડિરેક્ટર સમિર લોધાએ કહ્યુ છે કે વર્તમાન સ્થિતિમાં ઘણા નકારાત્મક પરિબળ હોવા છતાં સ્થિતિ સારી જોવા મળી રહી છે.

આજે કારોબારના અંતે રૂપિયો ડોલર સામે ૫૪.૬૮/૬૯ની સપાટીએ રહ્યો હતો. ગઈકાલના કારોબાર દરમિયાન રૂપિયો ૫૪.૯૯/૫૫ની સપાટીએ રહ્યો હતો. કારોબારીએ કહ્યુ હતુ કે સ્થાનિક શેરમાર્કેટમાં તેજીથી રૂપિયાને પ્રોત્સાહન મળ્યુ હતુ. ભારતમાં શેરબજારમાં પણ આજે પ્રથમ દિવસે તેજી જોવા મળી હતી. વિતેલા વર્ષમાં રૂપિયામાં સ્થિતિ ઉતાર ચઢાવ વાળી રહી હતી. વર્તમાન ફ્યુચરમાં નેશનલ સ્ટોક એક્સચેન્જમાં મોટાભાગે ડોલર-રૂપિયામાં કારોબાર થયો હતો. એમસીએક-એસએક્સ, યુનાઈટેડ સ્ટોક એક્સચેન્જની ૫૫.૦૪ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં આજે કારોબારના અંતે ૧૫૪ પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો.

તમામ સેક્ટરલ ઈન્ડેક્સમાં તેજી રહી હતી. રૂપિયા અને શેરબજારમાં પ્રથમ દિવસે તેજી રહેતા નવી આશા જાગી છે. આવનાર દિવસોમાં બંનેમાં રોકાણકારો વધુ ઉત્સાહ દર્શાવે તેવી શક્યતા છે. વર્ષ ૨૦૧૨માં એફઆઈઆઈ દ્વારા શેરબજારમાં જંગી રોકાણ કરવામાં આવ્યુ હતુ.

કિંગફિશર એરલાઈન્સને મોટો ફટકો : લાઈસન્સ ગુમાવી દીધુ

મુંબઈ, તા.૧

રોકડ કટોકટીનો સામનો કરી રહેલી અને અનેક મુશ્કેલીમાં ઘેરાયેલી કિંગફિશર એરલાઈન્સની તકલીફમાં વધુ વધારો થઈ ગયો છે કારણ કે કિંગફિશર એરલાઈન્સે લાઈસન્સ ગુમાવી દીધુ છે. નેશનલ એવિએશન રેગ્યુલેટર ડીજીસીએના વડા દ્વારા આજે આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. ડીજીસીએ દ્વારા તેના સસ્પેન્ડ કરવામાં આવેલા લાઈસન્સને રિન્યુ કરવાનો આખરે ઈન્કાર કરી દીધો છે.

આ સમાચાર કિંગફિશર એરલાઈન્સને મરણતોળ ફટકા સમાન છે. કિંગફિશર એરલાઈન્સે તાજેતરમાં જ રિવાઈવલ યોજના રજુ કરી હતી. અને એવી આશા જાગી હતી કે કિંગફિશર એરલાઈન્સની સેવા ફરી શરૂ કરી દેવામાં આવશે. ડીજીસીએના વડા અરૂણ મિશ્રાએ માહિતી આપતા કહ્યુ છેકે કિંગફિશર એરલાઈન્સના લાઈસન્સને ફરી રિન્યુ કરવામાં આવે તેવી સ્થિતિ હાલમાં નથી. કિંગફિશર એરલાઈન્સનું ઓપરેશન ઓક્ટોબર મહિના બાદથી બંધ રાખવામાં આવ્યું

છે. કર્મચારીઓ ઓક્ટોબર મહિનામાં પગારની ચૂકવણી ન કરાતા હડતાળ પર ઉતરી ગયા હતા. જેના કારણે ભારે મુશ્કેલી નડી હતી. એરલાઈન્સ ઓપરેશનના ફંડિંગ અંગે વધારાની વિગત આપવામાં નિષ્ફળ રહ્યા છે. મિશ્રાએ ઉમેર્યુ હતુ કે ગયા મહિનામાં ડીજીસીએને કિંગફિશરની રિવાઈવલ યોજના રજુ કરવામાં આવી હતી. મોડી રાત્રે નિવેદન જારી કરીને પ્રવક્તાએ કહ્યુ હતુ કે કિંગફિશરને આશા છે કે રેગ્યુલેટર પાસેથી લાઈસન્સ રિન્યુની મંજુરી મળી જશે. વિજય માલ્યાના નેતૃત્વમાં કિંગફિશર એરલાઈન્સ પર બેંક, એરપોર્ટ, ફ્યુઅલ સપ્લાયર્સના લાખો ડોલરનું દેવું છે. આ ઉપરાંત સ્ટાફને પગારની ચૂકવણી પણ કરવામાં આવી નથી. વિદેશી ફંડ ઠાલવવા માટે વિદેશી રોકાણકારની શોધખોળ કરવામાં આવી રહી છે. કિંગફિશર એરલાઈન્સ વિદેશી રોકાણકારની શોધમાં છે. ઉડ્યન નિષ્ણાંતો માને છે કે બેંગ્લોર સ્થિત કિંગફિશરમાં કેટલીક વિદેશી કંપનીઓ રસ ધરાવે છે પરંતુ તેની કામગીરીને લઈને ઘણી શંકાઓ છે. વર્ષ ૨૦૧૨માં આ કંપનીને એરલાઈન્સમાં સૌથી માઠી અસર થઈ હતી. ઉંચી જેટ ફ્યુઅલ કિંમતો, સ્પર્ધા, કિંમતોને લઈને યુદ્ધથી તેને માઠી અસર થઈ હતી.

દિલ્હીમાં બીપીઓમાં કામ કરતી યુવતીની ઘાતકી હત્યાથી ચકચાર

નવી દિલ્હી, તા.૧

નિર્દયતા અને અમાનવીય અત્યાચારનો વધુ એક બનાવ આજે સપાટી પર આવ્યો હતો. પૂર્વિય દિલ્હીમાં એક પ્રેમીએ ૨૦ વર્ષિય યુવતીની ઘાતકી હત્યા કરી દીધી હોવાના અહેવાલ મળ્યા છે. ભોગ બનેલી યુવતી નેહા તરીકે ઓળખાય છે જે નોઈડામાં બીપીઓમાં કામ કરી રહી હતી. પોલીસે માહિતી આપતા કહ્યુ છે કે આ બનાવ પાંચ વાગ્યાની આસપાસ ગઈકાલે બન્યો હતો તે વખતે નેહા અને તેનો એ પુરુષ મિત્ર ગૌરવ કારમાં મુસાફરી કરી રહ્યા હતા. તેમની સાથે ૩૨ વર્ષિય દેવેન્દર નામનો શખ્સ પણ હતો. દેવેન્દરે સૌથી પહેલા ગૌરવ પર હુમલો કરી દીધો હતો અને ત્યારબાદ નેહા પર તીક્ષ્ણ હથિયારના ઘા ઝિંક્યા હતા. નેહાનું આ બનાવમાં મોત નિપજ્યુ હતુ. ગૌરવ ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો. તે નજીકના પોલીસ સ્ટેશનમાં પહોંચી ગયો હતો અને પોલીસની મદદથી નેહાને પણ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડી હતી. પોલીસને માહિતી આપતા ગૌરવે કહ્યુ છે કે તે આનંદવિહારના કોસ રિવર મોલમાં શોપિંગ કર્યા બાદ નેહા સાથે પતર ફરી રહ્યો હતો. દેવેન્દર ડ્રાઈવર તરીકે કામ કરી રહ્યો હતો.

સવારથી જ તે તેમનો પીછો કરી રહ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ દેવેન્દર નેહાના આવાસથી થોડાક જ અંતરે રહે છે. દેવેન્દરની ધરપકડ કરી લેવામાં આવી છે. તે હવે પોલીસ કસ્ટડીમાં છે. આ શખ્સ નેહાના એક તરફી પ્રેમમાં હતો જો કે નેહા તેની અવગણના કરી રહી હતી અને તેના ગૌરવ સાથે સંબંધો હતા. આનાથી દેનેન્દર ખૂબ જ નારાજ હતો અને બદલો લેવાની યોજના બનાવી ચુક્યો હતો. દિલ્હીમાં ક્રાઈમનો ગ્રાફ દિનપ્રતિદિન ઉપર જઈ રહ્યો છે. હાલમાં જ અનેક ઘટનાઓ બની ચુકી છે. ગેંગ રેપની ઘટનાને લઈને દેશભરમાં નારાજગી પ્રવર્તી રહી છે ત્યારે આ નવો મામલો સપાટી પર આવ્યો છે. આને લઈને પણ દિલ્હી સરકારની ઉંઘ હરામ થઈ ગઈ છે સાથે સાથે પોલીસ ઉપર પણ તીવ્ર દબાણ વધી ગયુ છે. પોલીસની પ્રતિષ્ઠા સામે પ્રશ્નો ઉભા થયા છે.

બળાત્કારી માટે મૃત્યુદંડની સજાની જયાની ઉગ્ર માંગ

ચેન્નઈ, તા.૧

બળાત્કાર માટે વધુ કઠોર સજા માટેની રજુઆત કરીને તામિળનાડુના મુખ્યમંત્રી જયલલિતાએ આજે કહ્યુ હતુ કે તેમની સરકાર દોષિતોને મૃત્યુદંડની સજા આપવા કાયદામાં જરૂરી સુધારા કરવા કેન્દ્ર સરકારને અપીલ કરશે. આવા ગુનાઓમાં સામેલ લોકોને કેમિકલી રીતે નપુંસક બનાવી દેવાની રજુઆત પણ જયલલિતા દ્વારા કરવામાં આવી છે. આ પ્રકારની રજુઆત અગાઉ ભાજપ અને કોંગ્રેસ દ્વારા પણ કરવામાં આવી ચુકી છે. ગેંગ રેપનો શિકાર થયેલી યુવતીના મોત મામલે દુઃખ વ્યક્ત કરતા જયલલિતાએ જાતિયા સતામણીના બનાવોને રોકવા અને મહિલાઓની સુરક્ષાની ખાતરી કરવા ૧૩ મુદ્દાની એક્શન યોજનાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રીએ કહ્યુ છે કે મૃત્યુદંડની મહત્તમ સજાની ખાતરી કરવા કાયદામાં જરૂરી સુધારા કરવા કેન્દ્ર સરકારને વિનંતી કરશે. બળાત્કાર માટે જવાબદાર લોકો માટે કેમિકલી રીતે નપુંસક માટેની રજુઆત પણ કરવામાં આવી છે. આ પ્રકારની માંગ પણ જુદા જુદા રાજકીય પક્ષો દ્વારા ઉઠી રહી છે. જયલલિતાએ કહ્યુ છે કે દરેક જિલ્લામાં ફાસ્ટટ્રેક મહિલા કોર્ટની રચના કરવાની જરૂર છે. જયલલિતાએ કડક કાયદા કાનૂનને અમલી બનાવવાની પણ માંગણી કરી છે.

આદેશો પણ જારી કરવામાં આવ્યા છે. ક્લોઝ સર્કિટ ટેલિવિઝન સેટ ગોઠવવા માટેના પણ આદેશો જારી કરવામાં આવી ચુક્યા છે. સાદા વસ્ત્રોમાં પણ પોલીસ જવાનો તૈનાત કરવામાં આવી ગયા છે. મહિલાઓની સુરક્ષાની ખાતરી કરવા અન્ય પગલા પણ લેવામાં આવી રહ્યા છે.

પારિજાત (પાના નં. ૪ નું ચાલુ)

ભગવાનનાં દર્શન કરવાં છે? કલાકો સુધી લાઈનમાં ક્યાં ઊભાં રહેવું? ઓનલાઈન દર્શન ઉપલબ્ધ છે, બધાં જ શણગાર - આરંભીને કોઈના ખભે માથું મુકીને રડતા નહીં.

બા-બાપાનું મરણ થયું છે? ઈલેક્ટ્રીક ફર્નેસ છે. હમણાં ટ્રેમાં અસ્તિ આવી જશે.

કોઈ વાતે રાહ જોવાની જરૂર નથી. પત્ર લખવાનો નથી. પત્રનો જવાબની રાહ જોતાં ઝૂરવાનું નથી - કોઈ ચીજની કમી નથી. બધ્ધું જ ફોન કરો એટલે ઘરે બેઠાં મળી જાય છે. લગ્ન કે મરણ જેવો પ્રસંગ પણ ઘડીઓમાં આટોપાઈ જાય છે. થોડાં મોડાં પડીએ તો કેટરીંગવાળા બધું સમેટતા હોય. અને એટલે આપણી કોઈને જરૂર નથી. આપણને કોઈની ગરજ નથી. પછી કોની રાહ જોવાની?

ઝગમગ ઝગમગ લાઈટો નીચે જીવતા જાગતા માણસો એકબીજાને મળતા નથી - માત્ર આવે છે અને જાય છે!